અગત્યનું & તાત્કાલિક
**By E-mail**

ક્રમાંક : **માધ્ય/મા-૨/રોસ્ટરપ્રમાણિત/૨૦૧૮/**૨૦૪૫૪-૯૮
કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નં. ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તા. **૨૬/૦૯/૨૦૧૮**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષય : - રાજયની સરકારી/બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવા બાબત.**

**સંદર્ભ** : - શિક્ષણ વિભાગના પત્ર-ક્રમાંક: પરચ/૧૦૨૦૧૮/૭૪૮/૨, તા.૨૬/૦૯/૨૦૧૮

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, બિન સરકારી અનુદાનિત શાળાઓમાં **શાળાવાઇઝ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના રોસ્ટર રજીસ્ટર અલગ અલગ નિભાવવામાં આવે** છે. વધુમાં, **સરકારી** માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં પણ ભરતી પ્રક્રિયા હાથ ધરવાની છે. સરકારી શાળાઓ માટે જિલ્લા કક્ષાનું માધ્યમિક અને ઉ.મા. વિભાગનું સંવર્ગવાર તમામ શાળાઓ માટે રોસ્ટર રજીસ્ટર નિભાવવામાં આવે છે.

રાજયની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં **શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવાની હોઈ ઓગસ્ટ-૨૦૧૮માં તમામ જિ.શિ.અ.શ્રી પાસેથી ખાલી જગ્યાઓની માહિતી મોકલવા અત્રેની કચેરી દ્વારા** જણાવેલ છે.

ઉપરોક્ત વિગતે જે શાળાઓમાં અદ્યતન સ્થિતિએ ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા હાથ ધરવાની હોય તેવી શાળાઓના રોસ્ટર રજીસ્ટર અદ્યતન રીતે પ્રમાણિત કરવાની કાર્યવાહી શિક્ષણ વિભાગ તથા સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિકારીઓ સાથે **તા. ૨૮/૦૯/૨૦૧૮** ના રોજ રાજયકક્ષાના માર્ગદર્શક કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આથી, આપના **જિલ્લાના રોસ્ટરની કામગીરીના જાણકાર તથા જવાબદાર બે અધિકારી/કર્મચારી નમુનારૂપ રજીસ્ટર તથા પત્રકો સાથે તા.૨૮/૦૯/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે STTI કેમ્પસ, સેક્ટર-૧૨,** ગાંધીનગર ખાતે **અચૂક હાજર રહેવા** જણાવવામાં આવે છે.

ઉક્ત દર્શિત કેમ્પ વખતે આપના જિલ્લાની કેટલી માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં ખાલી જગ્યાઓ હોય અને રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરવાની કાર્યવાહી થતી હોઈ તે અંગેની **માહિતી અચૂક** સાથે લાવવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

**મદદનીશ શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગાંધીનગર**

**નકલ સવિનય રવાના :**

- **સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (મહેકમ), સદર કચેરી.**
- **નાયબ સચિવશ્રી, રોસ્ટર શાખ, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.**